શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૨
અંક : ૧૧

## જીવનની ગીતાજી

સંબંધો જાણે કે સકોચાતા જાયછે રાષ્ટ્રપ્રેમ જાણે રાજય પ્રેમ સુધી અને જિલ્લા–તાલુકા નો સબંધ પોતાના શહેર સુધી સીમીત થતો રહયો હોય એમ લાગે. મહોલ્લો કે પોતાનું ફળીયું, ઘર, આંગણુ જ હૈયાવગા રહયા છે જાણે! પોતાના પુત્ર–પુત્રી પત્ની પતિ જ જગતમાં ચાહવા જેવા જાણવા જેવા ન હોય એવી પ્રતિતી થાયછે હૈયાના રહેલા હેતમાં ઓટ આવી છે ઉમળકામાં ઓછપ વર્તાય છે લાગણી પ્રેમના અધુરાનો અનુભવ થાયછે માણસ હવે જાણે સ્વકેન્દ્રી બનતો જાયછે.

સગાઓને જોઈને હરખાતો નથી ઉરમાથી ઉમળકો આવતો નથી મિત્રને મળી ઉભરાતો, છલકાતો–મલકાતો નથી, સગામાથી સગપણ અને ગોળમાંથી ગળપણ ઓછા થઈ ગયા છે જાણે હેતનો હાઉકલો સાવ ફીકો પડી ગયો છે.

સૌ સાથે હૈયાના ઉમળકાથી હળી મળી જતો લાગણીના વ્યવહાર કરતો સુખ:દુખનો ભાગીદાર થતો અડધી રાતે ય મદદ કરતો, હિમ્મત હુક આપતો પોતાનાને ગળે લગાડતો, હાથ મેળવતા મેળવતા હૈયુ મેળવતો, આંખમાં આંખ મેળવી પાંખમાં લેતો, ચહેરાના ભાવ ઉકેલતો પ્રસંગો અને અવસરો સાથે રહી ઉજવતો, પ્રસંગો ઉકેલતો, દોડીને આવતો જતો બેસતો લાગણી સભર વાતો કરતો જમતો જમાડતો હૈયાભારને હળવો કરતો માણસ આજે આમનું કશું જ જાણે નથી કરતો અને કરે છે તો તે ઉપરછલું, અધુરુ, કૃત્રીમ કરે છે

ઉપકાર કરવો કે ૠણ સ્વીકાર કરવાનું આજે કોઈ પસંદ નથી કરતું કોઈને મદદ કરીને ઉભા કરવાનું કે ઉભા થયેલાને ચાલાવવાની સહાય કરવી આંગળી પકડવી બે પગલા સાથે ચાલવુ ગમતુ નથી માણસ માણસથી ડરી ગયો છે ડધાઈ ગયો છે ભરાય ગયો છે જાણે માગવુ એ હિણપત છે આજે તો મિત્ર પાસે મિત્ર સગા પાસે સગા ભાઈ

(અનુસંધાન પાન ૮ પર)

A beautiful saying, " If your eyes are positive you would like all People in the world. But if your tongue is positive all the people in the world will like you.

**સંતાનો નાના હોય ત્યારથી જ તેમને પૈસાની કિંમત અને બચતનું મહત્વ સમજાવી દેવું.**

LIVELIHOODS

Livelihood is "a means of securing the necessities of life". The creation of secure livelihoods is part of infrasys' investment goal. This is best achieved by creating opportunities for the primary production of goods and services in villages.

This is a different approach from the one that sees the rural poor at the bottom of the pyramid simply as consumers - for the making of fortunes by corporations, both Indian and transnational. We at infrasys see villages and the rural populations both producers and consumers. This opens up many investment possibilities to create productive enterprises and livelihoods.

Micro-credit or finance alone is not enough to create business opportunities at the poor, rural level. Much of rural borrowing goes to pay for medical, marriage and other personal or consumer needs.

Setting up an enterprise requires more than just money. It requires research, analysis and planning. Infrasys does this for each project.

FOOD

Conventional agriculture relies on nonrenewable resources - for nutrients (chemical fertilizers) and pest control (pesticides and fungicides). While depleting soils of their vitality, this model also pollutes water and poisons life.

To be sustainable in the long run, agriculture and horticulture have no choice but shift to organic methods and use renewable resources to enrich soils, control pests and eliminate the poisoning of water and life.

It is our goal to encourage non-poisonous and organic farming practices. We also intend to revive millets in rural diet as alternative to rice and wheat. Today, the food sector includes the conversion of basic foods to processed and "taste" added products. Such foods unfortunately do not provide nutrition and (perhaps fortunately) are out of reach for most.

At infrasys we intend to revive simple and traditional methods of value addition and preservation of foods.

(Source: Internet)

જે ગાંઠ છોડી શકાય એવી હોય તેને કાપશો નહીં.

## જીવો છો કે માત્ર શ્વાસ લો છો

વૃક્ષની ડાળી પરથી પાન ખરે એમ જીંદગીના દિવસો એક પછી એક ખરતા જાય છે આપણે કયારેક આનંદથી વિભોર હોઈએ છીએ તો કયારેક દુઃખી હોઈએ છીએ પણ કયારેક તો જાણે કશું જ હોતા નથી. ધમણ હવા લે છે છતાં એનામાં જીવન હોતુ નથી એમ આપણે પણ શ્વાસ લેતા હોઈએ છીએ પરંતુ જાણે કે આપણામાં જીવન જ હોતુ નથી. એક ખાલી પોકળ આકાશમાં માત્ર શ્વાસ લેતા હોઈએ છીએ.

તમે જીવો છો કે માત્ર શ્વાસ લો છો એ અહી આપેલા જમા અને ઉધાર પાસાને જોઈને તમે નકકી કરી શકો છો જયારે તમે કશું સર્જનાત્મક કામ કરો છો ત્યારે તમે તમારી જીદગી જીવો છો.

જયારે...

તમે લખો છો, ચિત્રકામ કરો છો, મકાન બનાવો છો, એ કામને તમે ચાહો છો ત્યારે તમે જીવંત હો છો

જયારે...

તમે પર્વત સામે ઉભા રહો છો અથવા પર્વત ઉપર ચડવાનો પ્રયત્ન કરો છો સમુદ્ર સામે નજર કરો છો અને તારાઓ તમારા હદયના ધબકારા સાથે મળી જાય છે ત્યારે તમે જીંદગીને તમારામાં દોડતી અનુભવો છો.

જયારે...

તમે એક ચિત થઈને વાચો છો સંગીત સાંભળો છો નૃત્ય જુઓ છો કોઈ સુંદર મકાન કે પુલ જુઓ છો ત્યારે તમે તમારી જીદગી સાથે એકરૂપ બની જાઓ છો

જયારે...

તમે તન્મય થઈને વાત કરો છો અથવા કોઈ નવા કે જુના વિચારોની ચર્ચા કરો છો ત્યારે તમે જીદગીની નજીક જવાનો પ્રયત્ન કરો છો.

જયારે...

તમને દુઃખનો ખટકો લાગે છે. ત્યારે તમારા લોહીમાં જીદગીનું ધબકાવા લાગે છે વેદના એ પણ જીદગીનું એક રૂપ છે.

જયારે...

તમે ચાલવા નીકળો છો અને ચાલવામાં આનંદ અનુભવો છો ત્યારે તમે જીવંત હોવાનો અનુભવ કરો છો.

જયારે...

તમને કકડીને ભુખ લાગે છે અને પછી ખાવાનું શરૂ કરો છો અને તરસ લાગ્યા પછી તમારા હોઠને પાણીનો સ્પર્શ થાય છે ત્યારે તમે જીદગીનો સ્વાદ માણી શકો છો. દિવસ આખાના કામ પછી જયારે તમે ઉંઘમાં પડો છો ત્યારે તમે જીદગી ઝરામા ડુબકી મારો છો જે ઉઘ તમને તાજગી આપે છે એ ઉઘ તમને જીવન આપે છે.

જયારે...

તમે કામના બદલે ઢસરડો કરો છો ત્યારે તમે મૃત થઈ જાવ છો તમે ઓફિસમાં કારકુન છો અને જેની સાથે તમારે કશી નિસબત ન હોય એવાનો સ્વાદ માણી શકો છો.

સંકલન : હેતલ વેકરીયા

**સૃષ્ટિકર્તાએ માનવ અધિકાર આપેલ છે માટે કોઈ પણ વ્યકિત કે સમુહ બીજાપર હામી ન થઈ શકે**

**શિક્ષણ**

બાળકોની જયારે વાત કરીએ ત્યારે આપણે એમનું શિક્ષણ યાદ આવ્યા વગર રહેજ નહી તેના માટે થતા પ્રયત્નો પણ સામે આવી ઉભા રહે ગુજરાત બધી રીતે ભલે અવ્વલનો દરરજો ધરાવે પરંતુ શિક્ષણમાં આપણે થોડા પાછળ છીએ મતલબ કે પ્રારંભીક શિક્ષણની વાતમાં એ સાચુ કે ગુજરાતમાં શિક્ષણની ક્ષિતીજો ઘણી ઉજવળ છે. હમણા આપણે સૌને આનંદ મળે તેવા સમાચાર એપ્રિલ ૧ લી તારીખે મળ્યા હતા અને તે હતા ''રાઈટ ટુ એજયુકેશન એકટ'' ઘણા બધા પ્રયત્નો બાદ બાળકોને માટે સંસદમાંથી આનંદના સમાચાર મળ્યા. શું આપણે જાણીએ છીએ કે આપણી પાસે આપણો ગુજરાતનો શિક્ષણનો એક કાયદો હતો.તે આપણી પ્રથમ વિધાન સભામાં પસાર થયેલ તે ગુજરાત રાજય ફરજીયાત પ્રાથમીક શિક્ષણ ધારો પણ આ કાયદાનું અમલીકરણ આમ જોઈએતો નહીવતજ કહી શકાય. હાલ આપણી પાસે આવડું મોટુ તંત્ર અને ભંડોળ હોવા છતા બંધારણમાં કહેલ બાબતો સિધ્ધ કરી શકયા નથી. ૧૯૬૦ તો શું હજુ સુધી ભારત પૂર્ણપણે સાક્ષર બની શકયુ નથી. મને અહી રાજાશાહીના બે કીસ્સા કહેવા ગમશે.

રજવાડાઓના સમયના વડોદરા સ્ટેટના રાજા સયાજીરાવ ગાયકવાડ કે જેમણે તેમના વિસ્તારમાં શિક્ષણને ફરજીયાત બનાવેલ અને તેમના રાજયમાં પાંચ વર્ષ સુધીના તમામ બાળકોની તમામ માહીતી રખાતી. આ બાળક પાંચ વર્ષ પુરા થયે શાળામાં દાખલ થયુ ન હોય તો તેમના વાલીને પત્ર દ્વારા જાણકરી બાળકને ફરજીયાત શિક્ષણમાં જોડાવા કહેવામાં આવતું અને આમ ન કરનાર વાલીને દિવસ દીઠ અમુક રકમ દંડ પેટે સરકારમાં ભરવી પડતી જે ખરેખર ઘણી મોટી હતી અને વાલી આ દંડની રકમના બીકે બાળકોને નિશાળે મોકલતા જેનાથી શિક્ષણ દરેક બાળક સુધી પહોંચતું.

બીજા કિસ્સામાં ગોંડલ સ્ટેટના રાજા ભગવત સિંહજીએ તેમના રાજયમાં સ્ત્રી શિક્ષણ કન્યા કેળવણી ફરજીયાત બનાવેલ જેના કારણે મા બાપ દિકરાની સાથે દિકરીને પણ ભણાવતા થયા. કેવી દિર્ધદષ્ટિ તે વખતના પરીવાહન, પત્રવ્યવહાર વિગેરે સુવિધાઓમાં પ્રતિકુળતાઓ છતા શિક્ષણના ફરજીયાત અમલીકરણને વેગ મળેલ જયારે હાલમાં અત્યાંધુનિક ટેકનોલોજી હોવા છતા ઘણા બધા બળકો શિક્ષણથી વંચિત રહી જાય છે માત્ર વાલીઓને જાગૃતતાને જ જવાબદાર ન ઠહેરતા કાયદાને અમલીકરણને સાથે લઈશું તો ખરેખર દરેક બાળક શિક્ષણ મેળવતું થશે. અને ગર્વથી માથુ ઉચુ રાખી કહી શકીશું કે બંધારણની વાતને ગુજરાતે સાચી કરી બતાવી છે કે ગુજરાતમાં એક પણ વ્યકિત નિરક્ષર નથી. ધીરે ધીરે શિક્ષણના વ્યાપને કારણે બાળકોના અધિકારો પણ તેમને મળતા

***શકિત ભૌતિક સાધનોથી નહી ઈચ્છા શકિતથી આવે છે***

થશે. માતૃદેવો ભવ અતિથિ દેવો ભવ અને આચાર્ય દેવો ભવ ને માનતી આપણી સંસ્કૃતિ બાલ દેવો ભવને પણ હૃદય પૂર્વક સ્વિકારતી થશે.

– ભરત વાળા

**બાળ અધિકારના સિધ્ધાંતો**

૧. બાળ અધિકાર પ્રાથમિક / બુનિયાદી માનવ અધિકાર અને માનવીય ગરીમા તથા સમ્માન પ્રત્યે આસ્થા વ્યકત કરે છે.

૨. બાળ અધિકાર વિશ્વના સર્વે બાળકો માટે કોઈ ભેદભાવ વિના ઉપલબ્ધ છે. (જાતિ, વર્ણ, લીંગ, ભાષા, ધર્મ, સંપતિ, વિકલાંગતા વિ. ભેદભાવ)

૩. બાળ અધિકારના સંદર્ભમાં બાળકોના સર્વોતમ હિત પર સૌથી પહેલા ઘ્યાન દેવુ જોઈએ.

૪. બાળકોની સોચ અને વિચારો પ્રત્યે માન આદર કરવો જોઈએ.

૫. બાળકને જન્મ લેવો, જીવન અને વિકાસ માટે પુરો મોકો મળવો જોઈએ

૧૯૯૯ સુધી બાળ અધિકારના ઘોક્ષણાપત્રને વિશ્વમાં બે દેશ સિવાય બધા દેશોએ માન્યતા આપી હતી/પુષ્ટી આપી હતી.

## આઈ ટી કાર્યશાળા

તા.૨૧થી ૨૪ ઓકટોમ્બરના રોજ ક્રાઈસ્ટ કોલેજ રાજકોટ ખાતે નેસકોમ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ આઈ ટી (ઈન્ફોરમેશન ટેકનોલોજી) ની ચાર દિવસીય કાર્યશાળામાં ગુજરાત રાજયની વિવિધ સંસ્થામાંથી કુલ ૫૫ કાર્યકર્તાઓ જોડાયા હતા જેમાં આ સંસ્થામાંથી સંસ્થાના કાર્યકર શ્રી પ્રમોદભાઈ જોષીએ ભાગ લીધો હતો.

આ કાર્યશાળામાં માઈક્રોસોફ્ટ વર્ડ, માઈક્રોસોફ્ટ એકસલ, મુવી મેકર, માઈક્રોસોફ્ટ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને ઈન્ટરનેટ ઓનલાઈન ટુલ્સ જેવી બાબતો પર સમજણ આપવામાં આવી.

આ કાર્યશાળાનો મુખ્ય ઉદેશય એ હતો કે સંસ્થામાં ચાલતા કાર્યને સહેલાઈથી અને ઝડપી કરી શકાય. આ કાર્યશાળામાં સંસ્થામાં ચાલતા કાર્યક્રમો, મીટીંગોના રીપોર્ટ તૈયાર કરવા, સંસ્થાના વાર્ષીક અહેવાલ, કાર્યશાળા કે તાલીમ માટેના સર્ટીફીકેટ તૈયાર કરવા, ચાલતા કોર્ષની માર્કશીટ તૈયાર કરવી, વર્ક સીટ તૈયાર કરવી , એકઠી કરેલ માહીતીની ડેટા એન્ટ્રી કરવી, સંસ્થામાં ચાલતા જુદા જુદા કાર્યક્રમોનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કરવું વગેરે ડોકયુમેન્ટેશનને લગતી કામગીરીની માહીતી તાલીમકારો દ્વારા પુરી પાડવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઓરકુટ તથા ફેઈસબુકના ઉપયોગ તથા તેનાથી થતી માહિતીની આપ લે બાબતે પણ સમજ આપવામા આવી હતી.

*પગથીયા પર પહેલુ પગલુ આસ્થાપુર્વક મુકો, સીડી ચડવા બીજા પગથીયા જોવાની જરૂર નહી.*

## માનવ અધિકાર કાર્યશાળા

ક્રીયા–દિલ્હી આયોજીત માનવ અધિકાર કાર્યશાળામાં મહિલાઓના મુદે કાર્યરત કુ. નવલિકા પટોળીયા તથા કુ. દયા જાદવએ ભાગ લીધો હતો. આ કાર્યશાળા હરિયાણાના માનેસર ખાતે બેસ્ટ વેસ્ટર્ન રીસોર્ટમાં રાખવામાં આવી હતી.

સ્ત્રી સશકિતકરણ અને તેના અધિકારો, સ્વાસ્થ્યનો અધિકાર કે જેમાં યોગ્ય દવા, શુધ્ધ આહાર મેળવવાનો અધિકાર, નારીવાદી આંદોલન, એડવોકરસી, પ્રજનન સ્વાસ્થ્ય અધિકાર, હિંસા સામે રક્ષણ મેળવવાનો અધિકાર, જેન્ડર અને માઈક્રોફાયનાન્સ જેવા મુદાઓને સાંકળી તાલીમાર્થીઓમાં સમજ બનાવવામાં આવી.

## બાલ દિનની ઉજવણી

જીલ્લા કાનુની સેવા સતા મંડળ, અમરેલી દ્વારા તા. ૧૪ થી ૨૧ નવેમ્બર'૧૦ દરમ્યાન જીલ્લા અને તાલુકા કક્ષાએ બાળ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

મંડળ દ્વારા બાળકોના અધિકારના રક્ષણ માટે જયુવેનાઈલ જસ્ટીસ સીસ્ટમ, બાળઅધિકાર તથા બાળકોના વિકાસને લગતા મુદા આધારિત પરિસંવાદમાં ખાંભા મુકામે યોજાયેલ કાર્યક્રમમાં અશોક શેલાર તથા વિપુલ શેલડીયાએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યુ હતુ.

## સર્વરોગ નિદાન કેમ્પ

તુલસીશ્યામ – ખાંભા રેન્જ ગીર પુર્વ વન વિભાગ ધારી તથા હેમેન્દ્ર કોઠારી ફાઉન્ડેશન, મુંબઈ તરફથી વર્ધમાન સેવા સંઘ વિસાવદર, શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર, ખાંભાના સંયુકત ઉપક્રમે તા. ૨૧/૧૧/૧૦ના રોજ ખાંભા તાલુકાના સમઢીયાળા મુકામે સર્વરોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૩૮૦ દર્દીઓએ ભાગ લીધો હતો. ડો. બલવાણી, ડો. સોજીત્રા, ડો. કોઠારી, ડો. વિઠલાપરા, ડો. મહેતા, ડો. પરમાર વિગેરે નિષ્ણાંત તબીબો સેવા આપી હતી.

આ કાર્યક્રમમાં વાદળીયા આશ્રમના મહંત શ્રી બલરામ બાપુ, નાયબ વન સરંક્ષકશ્રી મનીશ્વર રાજા, જીલ્લા પંચાયતના સદસ્યશ્રી વિપુલભાઈ શેલડીયા, નાબાર્ડના એજીએમ શ્રી કે. આર. સાલ્વે, ધીરુભાઈ વાગડીયા, ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમનું સંપુર્ણ સંચાલન શ્રી સી.પી. રાણપરીયાએ કર્યુ હતુ. મોબાઈલ આરએફઓ શ્રી ડોડીયા, ફોરેસ્ટરશ્રી પરડવાએ સમગ્ર કાર્યક્રમ સંચાલનમા સહયોગી રહયા હતા.

ગામના સરપંચશ્રી કેશુભાઈ દાફડા, ઘનશ્યામભાઈ શેલડીયા તથા સ્થાનિક સંસ્થાના કાર્યકરો શ્રી વિપુલભાઈ તથા શ્રી અશોકભાઈએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

***તમને ન પોષાય તો પણ વારંવાર કુટુંબના સભ્યો સાથે પિકનિક પર જવાનું ગોઠવો.***

## જીવન એક ખેલ

મોટા ભાગના લોકો જીવનને એક સંગ્રામ ગણે છે. પણ એ કાંઈ સંગ્રામ નથી એતો એક ખેલ છે. પણ એવો ખેલ કે જેમાં અધ્યાત્મના નિયમોનુ જ્ઞાન ન હોય તો સફળ પણે રમી શકાય નહી.

કહેવાય છે કે માણસ જે વાવે તે લણે છે. એટલે કે માણસ શબ્દો કે કાર્યો દ્વારા જે વહાવે છે તે જ તેના ભણી પાછુ વળે છે. માણસ જે કલ્પના કરે છે તે વહેલા કે મોટા બાહય આકાર ધારણ કરે જ છે એટલે જ આપણે કલ્પના શકિતને યોગ્ય રીતે કેળવવી જોઈએ.

મનના ત્રણ વિભાગો છે. અર્ધજાગૃત, જાગૃત, અને પરા જાગૃત અર્ધજાગૃત મન પાસે જે કરવામાં આવે તે કરે છે એને કોઈ દિશા નથી. જાગૃત મન તે માનુષી મન છે અને જીવનને જેવુ દેખાય છે તેવુ જુએ છે. જયારે પરા જાગૃત મન તે દરેક મનુષ્યમાં રહેલુ ભગવત મન છે. તેમાં સંપૂર્ણ આકૃતિ રહેલી છે. દરેક મનુષ્ય માટે આ દૈવી આકાર અથવા કહોકે દૈવી યોજના રહેલી હોય છે. આમ આ રીતે મનની પરાકાષ્ઠાને લીધે જીવન જીવવામાં અલગ – અલગ અનુભુતી થાય છે.

કહેવાય છે કે ઘણા લોકો જીવન જાણીને જીવી જાય છે તો ધણા જીવન માગ્યા વગર જ જીવન જીવી જાય છે. એટલે જ જયારે આપણે આ ધરતી પર જન્મ લીધો છે ત્યારે જીવન કઈ રીતનો ખેલ છે એ જાણીને જીવનનો ખેલ સફળતાપણે રમવો જોઈએ આપણા જીવનનો ખેલ આપણા હાથમા છે તો આપણે જે નકકી કરવું જોઈએ કે આપણે કેવી રીતે જીવનખેલ રમવો જોઈએ ?

સફળતાની સીડીએકે અંધારાની કેડીએ.

(સંકલિત : કોમલ જોષી દ્વારા)

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**– ટપક ટીમ**

**આ માસમાં સંસ્થાના શુભેચ્છકશ્રીઓ**

| | |
|---|---|
| ૧૦૦૦ | દયાબેન જાદવ |
| ૨૫૦ | શૈલેષ શુકલ |
| ૮૪૦ | અમીત ચક્રવર્તી |
| ૮૪૦ | બારાની સંથરામ |
| ૮૪૦ | લક્ષ્મણભાઈ ડોબરીયા |
| ૮૯૮ | મનુ ભટનાગર |
| ૪૧૬ | મનુ ભટનાગર |
| ૮૭૬ | મનુ ભટનાગર |
| ૩૮૭ | મનુ ભટનાગર |

***જેને તમે ચાહતા હોય તેની સતત કાળજી લેતા રહો.***

પાસે ભાઈ જયારે કાંઈ માંગે છે ત્યારે તે મિત્ર, સગો કે ભાઈ પેલાની દષ્ટિમાં જંતુ જેવો બની જાય છે. માગનાર વિદ્વાન, બુધ્ધિમાન, દયાવાન, પ્રમાળ, પરોકારી, મદદગાર હોય તો પણ તેના બધા જ ગુણો ધોવાઈ જાય છે. પોતે મદદ તો નથી કરતો પણ માંગનારને હમેશા નાલાયક, નકામો માનવા લાગે છે. આ છે આજના સ્નેહ સંબધી લાગણીની કીમત.

સુખ જે વહેચે છે તેને સુખ મળે છે. વિશ્વાસ નું વાવેતર કરનારને બધા તરફથી વિશ્વાસ મળે છે.

ખેર, 'ભલાએ ભલાઈ ન છોડવી' એ કહેવત મુજબ આપણાથી યથા શકિત મદદ કરવી.

સાભાર : જીવનની સુખમય ક્ષણો

### માસ દરમ્યાન થયેલ કામગીરી

| | |
|---|---|
| ૩ | ટીમ મીટીંગ, અમરેલી કાર્યાલય |
| ૧૧ | રીવ્યુ પ્લાનીંગ એસકેવાવ, મહુવા |
| ૧૨–૧૭ | વડોદરા, વલસાડ અને ધરમપુર ગ્રામ વિકાસ કાર્યો બાબતે વીઝીટ |
| ૧૪ | કાનુની અધિકાર સપ્તાહ અન્વયે ખાંભા મુકામે યોજાયેલ બાલદિનની ઉજવણીમાં માર્ગદર્શન |
| ૨૧ | વનવિભાગ ધારી સાથે સમઢીયાળા મુકામે સર્વરોગ નિદાન કેમ્પ |
| ૨૨–૨૬ | માનવઅધિકાર કાર્યશાળામાં સંસ્થાના કાર્યકરો સહભાગી થયા, માનેસર (હરિયાણા) |
| ૩૦ | ટીમ મીટીંગ, અમરેલી કાર્યાલય |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**દરેક વ્યકિતને બીજી તક આપો. ત્રીજી નહીં.**